લાડીલા શ્રી ઘનશ્યામ મહારાજ

હરિસ્મૃતિ

વર્ષ : ૧
અંક : ૪
જાન્યુઆરી ૨૦૧૮
છુટક નકલ રૂા. ૧૦/-

ધનુર્માસ જ્ઞાનયજ્ઞ ૨૦૧૮

ધનુર્માસ અંતર્ગત થયેલી 'ગુણાતીત દર્શન' કથામૃતનું રસપાન કરાવી રહેલા પૂ. શ્રુતિસ્વરૂપદાસજી સ્વામી, કથા દરમ્યાન સદ્.શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો દિક્ષા ઉત્સવ તથા રાધારમણદેવની પ્રતિષ્ઠાની ઉજવણી. ઉતરાયણ પર્વે ઠાકોરજીનું પૂજન એવં સંતોનું પૂજન કરી રહેલા હરિભક્તો. ઠાકોરજીએ આરોગેલ અન્નકુટની પ્રસાદી આદીવાસી વિસ્તારના બાળકોને આપતા સંતો.

શ્રી સ્વા. મંદિર, વેડરોડ દ્વારા પરા વિસ્તારોમાં ચાલતી બાળસભાઓના બાળકોની તા. ૨૫/૧૨/૨૦૧૭ના રોજ યોજાયેલ સામુહિક સભાની સ્મૃતિ છબી.

હરિસ્મૃતિ

આશિર્વાદ

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ
પ.પૂ. સદ્.શ્રી હરિજીવનદાસજી સ્વામી

વર્ષ : ૧, અંક : ૪
જાન્યુઆરી - ૨૦૧૮
દર મહિનાની ૧૫ મી તારીખે પ્રકાશિત થતો અંક

-: માલિક :-
શ્રી સ્વામિનારાયણ ટ્રસ્ટ

-: પ્રકાશક :-
સ્વામી પ્રભુચરણદાસજી ગુરુ હરિજીવનદાસજી સ્વામી
તંત્રી :- સાધુ ધ્યેયસ્વરૂપદાસજી

-: મુદ્રક :-
શ્રીજી પ્રિન્ટર્સ

-: પ્રકાશન તથા પત્ર વ્યવહાર :-
'હરિસ્મૃતિ' મેગેઝિન કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સહજાનંદ ચોક, વેડરોડ,
સુરત. - ૩૯૫૦૦૪
ફોન નં. :- (૦૨૬૧) ૨૫૨૨૪૨૪
મો.નં. :- ૯૬૦૧૨ ૮૧૭૦૪

-: લવાજમ દર :-
છુટક કિંમત : ૩./ ૧૦
વાર્ષિક : ૩./ ૧૦૦
બે વર્ષ : ૩./ ૧૭૫
પંચ વાર્ષિક : ૩./ ૩૫૦
વીસ વર્ષ : ૩./ ૭૫૦

અનુક્રમણિકા

1 સત્સંગ ૦૪
2 વસંતની વેલી શિક્ષાપત્રી ૦૯
3 નવધા ભક્તિ ૧૨
4 બાળ કલરવ ૧૫
4 સત્સંગ ઇતિહાસજ્ઞાનની કસોટી ૧૮

સત્સંગ

પ.પૂ.સદ્‌.શ્રી પ્રભુચરણદાસજી સ્વામી
ગુરુ :- પ.પૂ.સદ્‌.શ્રી હરિજીવનદાસજી સ્વામી

સત્સંગનાં અડગ સાધનોમાં હરિચરિત્રોમાં નિઃસંશયપણું કહ્યું.

સુખપુર ગામમાં શ્રીહરિ બોલ્યા, "મુનિવર્ય મુક્તાનંદસ્વામી ! તમે સાંભળો. મેં અડગ સત્સંગની જે વાત કહી તેમાં તમને સમજણ પડી કે નહિ ? સીતાજી, ભરત, લક્ષ્મણ, હનુમાનજી, વિભીષણ અને કાગભુષંડી સુધીના બધાનો સત્સંગ અડગ કહેવાય. જે અક્ષરાધિપતિ અવિનાશી છે, તેમને શાસ્ત્રો પૂર્ણકામ કહે છે. તેઓ જ્યારે મનુષ્યદેહ ધારે ત્યારે અનેક પ્રકારનાં ચરિત્રો કરે છે. અગાઉ ભગવાનના ઘણા અવતાર થયા છે. તે ગણ્યે પાર આવે તેમ નથી. તેમનાં સહુનાં ચરિત્રોને સંભારી સંભારીને કવિઓએ લખ્યાં છે.

સત્સંગી કોને કહેવાય ?

ચોપાઈ :-

અવતાર ભયે ભગવાન કે જેતે, દિવ્ય મનુષ્ય ચરિત્ર કિયે તેતે;
દોકી રીત દિવ્ય જાને જેહિ, અડગ સત્સંગ જાનના તેહિ.

જેટલા ભગવાનના અવતાર થયા છે તેમણે દિવ્ય ચરિત્ર અને મનુષ્ય ચરિત્ર કર્યા છે. આ બંને પ્રકારનાં ચરિત્રોની રીતને જે દિવ્ય સમજે તેનો સત્સંગ અડગ છે, એમ સમજવું. મયૂરધ્વજ અને હરિશ્ચંદ્ર જેવા અનેક ભક્તોએ સત્યની અત્યંત દૃઢ ટેક રાખી હતી. પરંતુ સત્ય કરતા પણ સત્સંગ અધિક છે. અને જ્યારે યથાર્થ રીતે સત્સંગ સમજાય છે ત્યારે તે સત્સંગ કોઈ પણ પરિસ્થિતિમાં છૂટે નહિ. જો સારી રીતે સમજીને કર્યો હોય તો. નહિતર તો સત્યની કે કાંઈ પ્રતિજ્ઞાની ખાતર પરમ સત્ય એવો સત્સંગ પરિસ્થિતિ જો કાંઈ વિપરીત થાય તો છૂટી જાય છે. જેમ ગોપીઓએ પ્રગટ પરમાત્માનો નિઃશંકપણે સત્સંગ કર્યો હતો તેવી રીતે જે સત્સંગ શંકા રહિત થઈને કરવો તેને જ દૃઢ સત્સંગ સમજવો. શ્રીકૃષ્ણ ભગવાને યોગ્ય કે અયોગ્ય અનેક પ્રકારના અનંત ચરિત્રો કર્યાં. બ્રહ્મા જેવા

કોઈ મોટા દેવ ન કહેવાય. છતાં તેઓ પણ શ્રીકૃષ્ણની અઘાસુરના ઉદ્ધાર પછીની ભોજનલીલાને દેખીને ભૂલા પડી ગયા હતા. દેવરાજ ઇન્દ્ર બે વખત ગોવર્ધન પૂજા અને પારિજાત હરણના પ્રસંગે ભૂલા પડી ગયા હતા. પોતાની ભૂલ સમજાણી ત્યારે વહેલાસર શરણે આવીને ક્ષમા માગી. બંને દેવો અજાણતા ભૂલા પડ્યા. પણ ભૂલ સમજાયા પછી વિનયથી ક્ષમા માગી પ્રાર્થના કરી ગયા હતા.

પહેલા ભૂલ કરે, પછી તે સમજાય અને પસ્તાવો કરીને જે માફી માગે તે સત્સંગથી પડ્યા કહેવાય નહિ. ભગવાન તેને માફ કરીને તેની સહાયતા કરે છે. ભગવાનની ભક્ત જેટલી ગોપીઓ હતી તેમણે ભગવાન શ્રીકૃષ્ણનાં મનુષ્યચરિત્ર અતિશય દેખ્યાં. જેમ જેમ મનુષ્યચરિત્રોને ગોપીઓ દેખતી ગઈ તેમ તેમ તેમને કૃષ્ણમાં પ્રેમ અધિક ને અધિક વધતો જ ગયો અને તેને લીધે જ ભાગવતમાં ગોપીઓની બુદ્ધિને બ્રહ્મા કરતાં પણ અધિક મહત્ત્વ આપ્યું છે. માટે સમગ્ર સાધનોનું શ્રેષ્ઠ ફળ આ એક જ છે કે, ભગવાનનાં ચરિત્રોમાં કોઈપણ પ્રકારનો સંદેહ કરવો નહિ. ભગવાનનાં સ્વરૂપની સમજણમાં જેને ઘણાં સંશયો થયા કરતાં હોય, તે ભક્ત ભલે કઠણમાં કઠણ કરોડો સાધન કરે તોપણ તેને દુઃખનો પાર આવવાનો નથી.

ભગવાનનો આશરો મૂકી દઈને કોઈ માણસ કઠોરમાં કઠોર સાધન કરીને કદાચ મરી જાય તોપણ તે લખચોરાશીમાં ભટકતો રહે છે અને સાધનોનાં ફળરૂપે જે સુખ મળે છે તે પણ ઘણા દુઃખોથી ભરપૂર જ હોય છે. 'ભગવાનનાં જે જે દિવ્યચરિત્ર કે મનુષ્યચરિત્ર હોય, તે બધા જીવના મોક્ષ માટે જ કર્યાં હોય છે.' એમ જે સમજે છે તે જ ભગવાનના સર્વ ભક્તોમાં શ્રેષ્ઠ ભક્ત છે.

જે ભક્ત ભગવાનના ચરિત્રોમાં ક્યારેય દોષ ન સમજે-જુએ, તો તે ભક્ત, જેવા ભગવાન નિત્ય નિર્દોષ છે, તેવો જ નિર્દોષ થાય



છે. ઉદ્ધવજી, પાંડવો અને દ્રૌપદીનો સત્સંગ અડગ સમજવો, તે રીતે જ પ્રહ્લાદ, પ્રિયવ્રત અને ધ્રુવનો સત્સંગ પણ અડગ હતો, એમ માનવું. બલિરાજાનો સત્સંગ અડગ હતો. તેણે તો પ્રહ્લાદના સત્સંગને પણ રંગ ચઢાવ્યો. બલિરાજાનું ત્રિલોકીમાં રાજ્ય હતું. સ્વયં વિષ્ણુ તેને છેતરવા આવ્યા. બલિરાજાને ખબર પડી ગઈ કે આ વિષ્ણુ છે અને મને છેતરવા આવ્યા છે. તેના ગુરુ શુક્રાચાર્યે દાન આપતા તેને રોક્યા, છતાં બલિરાજાએ પાછો પગ ન ભર્યો. ભગવાને તેનાં શરીરે સહિત સર્વસ્વ લઈ લીધું અને બલિરાજાએ પરમ પ્રેમથી બધું જ આપી દીધું અને કોઈ દોષ ન લીધો. માટે તેનો સત્સંગ અડગ કહેવાય.

તે રીતે જ અંબરીષ અને જનકરાજાનો સત્સંગ પણ અતિ અડગ હતો એમ સમજવું. તેમના જેવો સત્સંગ હાલમાં કોઈને હોય તો તેનો પણ અડગ સત્સંગ માનવો. અત્યારે અમે એવી

આજ્ઞા કરીએ કે તમે ઘરનો ત્યાગ કરી દો; તો કેમ થાય ? અત્યારે તમે બધા અમને ભગવાન માનો છો. તેમાં કોઈપણ પ્રકારનો કોઈને સંશય નથી. બધા મને ભગવાન જાણીને નિયમોનું પાલન કરો છો. ક્યારેય બીજાના નિયમોમાં જતાં નથી. પ્રગટ ભગવાનને જાણ્યા વિના તેમના આપેલા નિયમ પળાતા નથી. પ્રગટ હરિને જાણે ત્યારે જ જીવમાં નિયમ પાળવાનું અતિશય તાન રહે છે. ઘરમાં જેટલા દીકરાઓ હોય તે બધા કાંઈ બાપની મરજી પ્રમાણે ચાલતા નથી. આજ તો હળાહળ કળિયુગ ચાલી રહ્યો છે છતાં જગતના સ્વાર્થ કરતાં મોક્ષમાં સ્વાર્થ અતિશય માન્યો છે. તેથી જ મોક્ષ મેળવવા માટે બધા જ ભક્તો નિયમોનું પાલન કરો છો. જેના હૃદયમાં જેટલો દૃઢ નિશ્ચય થયો હોય તેના જીવમાં તેટલો સત્સંગનો કેફ રહે છે.

: દોહા :

મૃત્યુ સે ઘર છોડના, કઠિન અતિ રહાય;
ભગવાન જાને સબ પર જેહિ, કછુ કઠિન ન તાય

ઘર છોડવું તે મોત કરતાં પણ વધારે કઠણ છે. પણ જો ભગવાનને સહુથી પર સર્વોપરી માન્યા હોય તો તેને કાંઈ જ કરવું કઠણ લાગતું નથી. ત્યાં શ્રીહરિએ સૌની આગળ આટલી વાત કહી. પછી બધા રાજાઓને શ્રીહરિ વિશેષ કહેવા લાગ્યા, "તમને સાક્ષાત્ ભગવાન મળ્યા છે, તેમનું વચન કેટલું મનાય છે ? તે મનમાં વિચારો. જેમ કાંધ ઉપર ઘોંસરું મૂકીએ ત્યારે બળદની પરીક્ષા થાય છે. પાટી કઢાવીને-દોડાવીને ઘોડાની પરીક્ષા કરાય છે. તેમ પોતાના ઈષ્ટદેવનું વચન કેટલું મનાય છે ? તે વિચારવાથી હરિભક્તની પ્રગટ પ્રભુની નિષ્ઠા કેટલી છે ? તેની પરીક્ષા

તરત જ થાય છે."

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, "આપ જે કરો, તે સર્વે અમારા શ્રેયને માટે જ હોય છે. તેમાં જેટલો સંશય થાય તેટલી ભક્તપણામાં ખોટ કહેવાય. અનેક જીવોનો મોક્ષ કરવા માટે આપે આ અવતાર લીધો છે. આ બાબત જરૂર બંધ બેસશે, સફળ થાશે. તેમાં એક તલભાર પણ ખોટું નથી. સહુની જીવનદોરી અર્થાત્ સહુનું અસ્તિત્વ આપના જ હાથમાં છે. આપ જે કરો તે સર્વોત્તમ હશે. ઘોડામાં જ્યાં સુધી શ્વાસ ચાલુ રહે ત્યાં સુધી તેને પાટી કઢાવતા રહો, દોડાવતા રહો. અર્થાત્ અમારામાં શ્રદ્ધા, નિષ્ઠારૂપી પ્રાણ રહે ત્યાં સુધી અમને તમારા વચનમાં પાટી કઢાવતા રહો."

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "જ્યારે ઘોડો ધણીને વશ થાય ત્યારે તેની પાસે ધાર્યા પ્રમાણે પાટી કઢાવી શકાયને ?" આવું શ્રીહરિએ કહ્યું ત્યારે મુક્તાનંદ સ્વામી ચુપ થઈ રહ્યા. અને શ્રીહરિએ તેમને ઉદ્દેશીને કહેવાનું આગળ ચાલું રાખ્યું, "કોઈ માણસને પોતાની માલિકીનું જૂનું ઘર હોય તેને નવું કરવું હોય ત્યારે જૂનાને પાડી નાખીને મનમાં રુચે તેમ તેને ફરીને નવું બનાવે છે. સહુથી સારું ઘર કરવું હોય તો તે ઘરધણી તેની ઇચ્છા પ્રમાણે બધું કરે છે. દુનિયા રાજી થાય કે નારાજ થાય, તેની પરવા કર્યા સિવાય ધણી હોય તે પોતાની મરજી પ્રમાણે પદ્ધતિસર નવું ઘર કરાવે છે. (તેમ અત્યારે અમે આ સત્સંગરૂપી ઘરના માલિક છીએ. માટે અમારી મરજીમાં આવે તેમ નિયમ ધર્મ બનાવીને, પ્રકરણો ફેરવીને નવેસરથી સત્સંગરૂપી ઘરને બનાવીએ છીએ.)

જેને જેવી બુદ્ધિ હોય કે જેવી સગવડ હોય તેને અનુસારે સહુ ઘર બનાવે છે. બધી રીતે સારું ઘર થઈ ગયા પછી જે ખોટા વિરોધી લોકો હોય તેપણ તેના વખાણ કરે છે. કેમ જે સાચા ભક્ત થાય તેના વૈરી પણ ઘા વખાણે છે. (એમ અમે રામાનંદસ્વામી સ્થાપિત આ સંપ્રદાયરૂપી ઘરને જ્યારે વ્યવસ્થિત બનાવી દેશું ત્યારે અમારા વિરોધી બધાય ભરપેટ વખાણ કરશે.) જેમ કે, ઘણું કિંમતી જરિયાની કાપડ હોય પણ તેને કાપ્યા વિના તેનું અંગરખું થઈ શકે નહિ. કારીગર દરજી તેને જ્યારે કાપે છે ત્યારે તે ટુકડાં ટુકડાં થઈ જાય છે તેથી ધણીની નજરમાં તે આવતું નથી. પણ જ્યારે સિલાઈ કરીને તેનું અંગરખું તૈયાર કરવામાં આવે છે ત્યારે તેને દેખીને તેનાં ધણીનું મન ખુશ થઈ જાય છે. તૈયાર કર્યા વિના તો મનમાં ઉદ્વેગ રહે છે. તે જ રીતે પ્રથમ નિયમ પાળવા અને નિર્દોષભાવ રાખવો ગમતો નથી. પણ એકવાર તેની દૃઢતા થાય ત્યારે તેને આખો સત્સંગ ઓળખે છે અર્થાત્ તે સહુને ગમે છે. સત્સંગરૂપી આ ઘણો અમૂલ્ય મહેલ તૈયાર કરીએ છીએ. તે સંપૂર્ણ તૈયાર થઈ જાય ત્યાં સુધી અમે આ ભૂમિ ઉપર રહેશું. સત્સંગરૂપી મહેલનો કળશ ચઢાવીને અમે આરામ કરશું અને તેના માલિક નક્કી કરીને અમે તેમને સમર્પણ કરી દેશું. અલૌકિક અને અનુપમ એવી મોક્ષધર્મરૂપ અમારી આ બે ગાદી ઉપર ધર્મવંશી આચાર્ય બેસશે.

✡ અંતર્યામીનું નિયંત્રણ અને ટેકનું ગૌરવ કહ્યું ✡

શ્રીહરિ સત્સંગમાં જે દિવસથી આવ્યા તે દિવસથી આરંભીને સત્સંગમાં તેમનો પ્રતાપ

ઘણો જ છવાઈ ગયેલો રહ્યો છે. તે દિવસથી સત્સંગમાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન મૂર્તિમાન બની સત્સંગીઓના ઘેર ઘેર પ્રગટ પ્રમાણ રહ્યા હતા. તેને લીધે બધા જ હરિભક્તો ઘણા બળવાન થઈ ગયા હતા. એકબાજુ દુનિયાભરના મતપંથીઓ બધા એક થઈને સત્સંગનો વિરોધ કરતા હતા. પણ નિયમભ્રષ્ટ તે મતપંથીઓ નિર્જીવ (મરદા) જેવા થઈ ગયા હતા અને નિયમ-વ્રતમાનવાળા હરિભક્તો તે મતપંથીઓને હઠાવી દેતાં હતા. સત્સંગના બધા આશ્રિતો યુગને અનુસારે વર્ણાશ્રમના ધર્મને પાળતા હતા, તેથી દુનિયામાં તેમનું નામ પ્રસિદ્ધ થયું હતું અને બીજા બધા સંપ્રદાયો કાળના પ્રવાહમાં તણાઈ ગયા હતા.

શ્રીહરિ કહે તેમ કરવું, તેમના આજ્ઞાવચન પાળવામાં પાછો પગ રાખવો નહિ. એ જ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સાધન છે અને એમ કરવું એ જ કઠણમાં કઠણ છે. પ્રગટ પ્રભુના વચનમાં ચાલવાથી લેશપણ માન આવતું નથી. પરંતુ પ્રગટ પ્રભુનું વચન વિશેષ નિર્માનીપણે પાળવું જોઈએ. અને ભક્ત જો નિર્માનીપણે કલ્યાણનું સાધન કરે છે તેને તે એક જ સાધન કરવાથી અસંખ્ય સાધન કર્યાનું ફળ મળે છે."

પોતાના ભક્ત દરબારોના મુખે આવી વાત સાંભળીને સુખદાયક શ્રીહરિ અત્યંત ખુશી થયા અને બોલ્યા કે, "સત્સંગનો રંગ આવો ને આવો એક સરખો કાયમ રાખજો અને મનમાં તેની દૃઢ ટેક રાખજો. ટેક નભાવવી તે એક ક્ષત્રિયનો વટ છે. જ્યાં સુધી શરીરમાં પ્રાણ હોય ત્યાં સુધી ક્ષત્રિય ટેક છોડે નહિ. દેશકાળની વિષમતામાં પણ તેઓ ડગતા નથી પણ આપેલા વચનનું માન રાખે છે. જેમ પતાકા (વાવટો) પવનને અનુસારે જ ફરકે છે તેનાથી વિપરીત નહિ. તેમ ભગવાનના વચન અનુસારે ચાલવું. આપેલા વચનનું માન જાળવવું, તેને છોડવું નહિ. ક્યારેય પોતાના મનનું ધાર્યું જે ન કરે, તે ભગવદ્‌ભક્તોમાં સર્વોત્તમ છે. મોક્ષની રીત જુદી છે અને જગતની રીત જુદી છે. તે બંનેનો માર્ગ એક નથી. કારણ કે તે બંનેના ગુણધર્મ પરસ્પર વિપરીત છે. **જે સંસારની રીત રાખે તે સંસારના સુખને મેળવે છે અને જે પરમેશ્વર સાથે પ્રીતિ રાખે છે તે પરમેશ્વરના અનંત સુખને પામે છે."**

॥ વસંતની વેલી શિક્ષાપત્રી ॥

સાધુ સુર્યપ્રકાશદાસ
ગુરુ :- પ.પૂ.સદ્‌.શ્રી પ્રભુચરણદાસજી સ્વામી

➢ શિક્ષાપત્રી મારું સ્વરૂપ છે :-

એવા સતસંગી મુનિરાજ રે, તમારી ધર્મરક્ષાને કાજ રે ;
શાસ્ત્ર પ્રમાણ જનસુખકરણ રે, જેમાં શ્રીનારાયણ સ્મરણ રે.
એવા આશિષનાં જે વચન રે, સહુ અંતરે ધારજ્યો જન રે;
શિક્ષાપત્રી લખ્યાનું કારણ રે, કરજ્યો એકાગ્ર મને ધારણ રે.
સર્વ જીવને છે સુખકારી રે, એવી શિક્ષાની પત્રી અમારી રે;
શ્રીમદ્‌ ભાગવતાદિ જે ગ્રંથ રે, સતશાસ્ત્ર કહ્યાં મોક્ષપથ રે.

વ્હાલા વાચકો ! આ બ્રહ્માંડમાં અજોડ અને અમૂલ્ય ગ્રંથ એટલે શ્રીજી મહારાજ હસ્તલિખિત 'શિક્ષાપત્રી' અને વળી સુખી થવાનો રાજમાર્ગ ભગવાને આપણને બતાવ્યો છે. તેમજ ભગવાન શ્રીહરિજી મહારાજ કહે, શિક્ષાપત્રી મારું સ્વરૂપ છે તેને તમે મૂળભૂત સત્ય માનજો. મારા આ વચનને ધર્મવંશી, સંતો અને હરિભક્તો દૃઢ રીતે સમજી રાખજો. હવે પછી જેમ શિક્ષાપત્રીમાં કહ્યું છે તેમ સહુ પ્રેમથી વર્તશો અને ધર્મવંશી આચાર્ય કહે તેમ વિવેકથી સારી રીતે રહેશો તો મારા અક્ષરધામમાં આવશો તેમાં સંદેહ નથી, આવું મારું વચન રાખજો. અને જે મારા મંદિર છે તથા તેમાં જે મૂર્તિઓ છે, તેમાં હું રહ્યો છું. હું એક હોવા છતાં ત્રણરૂપ ધરીને રહ્યો છું તે સહુને માટે સુખદાયક છે.

मेरी आग्या सो मेरो स्वरूपा, मेरे बचन मानना अनूपा ॥
मेरे बचन में शशी अरु सूरा, निशदिन तत्पर रहे हजूरा ॥
सप्त समुद्र मोभि यह सबही ,मेरे बचन में चलत हि अबही ।
भव ब्रह्मा इन्द्रादिक जैसे, शेष शारद नारद मुनि तैसे ॥

મારી આજ્ઞા તે મારું સ્વરૂપ છે. માટે મારા વચનને અનુપમ માનજો. સૂર્ય અને ચંદ્રમા રાત-દિન મારું વચન પાળવા તત્પર થઈને હજૂર રહે છે. સાત સમુદ્ર અને ભૂમિ, આજે પણ મારી આજ્ઞામાં રહ્યા છે. ભવ, બ્રહ્મા, ઈંદ્રાદિક દેવતાઓ, શેષ, શારદા અને નારદાદિક મુનિઓ, બધા મારી આજ્ઞા ભંગના ભયથી રાત-દિન થરથર ધ્રૂજતા રહે છે. અને તેથી જ તેમની લોકમાં ખ્યાતિ થઈ છે. મારી આજ્ઞામાં વાયુ ચાલે છે. હું જેમ કહું તેમ સૂર્ય તપે છે. સ્થાવર અને જંગમ જે કાંઈ જગત છે તે બધું ઋતુ પ્રમાણે ફળે-ફૂલે છે. ઠંડી, ગરમી અને વર્ષા ત્રણે ઋતુ મારી આજ્ઞામાં દીન-આધીન રહે છે. ધ્રુવ આદિ અપાર તારાઓ ઊંચે આકાશમાં મારા ભયથી રાત દિવસ વારંવાર ધ્રૂજતા રહે છે. તેઓ મારી આજ્ઞાની બહાર જતા નથી.

મોરી અગ્યા માને સો મેરો,
ધન માને તેહિ માયા કેરો ॥
હરિજન કુસો કહત હૈ સબહી
આત્મઘાત ન કરના કબહી ॥

તેતો કુબુદ્ધિવાળા કહેવાય રે,
લોક પરલોકે તે દુઃખી થાય રે ;
માટે મારા શિષ્ય સહુ પ્રીતે રે,
વર્તો આ શિક્ષાપત્રીની રીતે રે.

શ્રીહરિ સમગ્ર ભક્તોને કહેતા કે જે મારી આજ્ઞા માને તે મારા છે અને જે ન માને તે માયાના જીવ છે. વળી કહેતા કે, કોઈએ આત્મઘાત તો ક્યારેય કરવો નહિ. "આત્મઘાતી મહાપાપી છે" આવું વેદો અને પુરાણો કહે છે. તેમનો ક્યારેય મોક્ષ થતો નથી પણ તેઓ હેરાન-પરેશાન થાય છે.

➤ સંસારનો છેડો સત્સંગ :-

જિનકે ભવ અંત આવહી, તેહિ હોત સત્સંગ ॥
ભવ કે અંત આયે બિન, ટરત ન તેહિ કુસંગ ॥
સત્સંગ જેહિ હોત હૈ, તિનકે ભાગ્ય અપાર ॥
ઓર અભાગી હિ દેખના, ધન હોય કોટિ ભંડાર ॥

જેને સંસારનો છેડો આવવાનો થાય તેને જ સત્સંગ થાય છે. અને સંસારનો અંત થયા સિવાય તો તેને કુસંગ ટળતો જ નથી. જેને સત્સંગ થયો છે તેના તો અપાર ભાગ્ય છે. તે સિવાયના લોકો તો અભાગિયા છે. ભલે તેની પાસે કરોડોની સંખ્યામાં ધન ભંડાર ભર્યો હોય.

➤ ભગવાનના નિયમ પાળવાથી ફળ:-

નિયમ વિનકી બાત હિ જેતા,
સિદ્ધ કબુ નહિં હોવત તેતા।
માયિક અમાયિક બાત હિ કોઉ,
નિયમ વિન સિદ્ધ ન હોવત સોઉ॥

નિયમ વિનાની જેટલી વાત હોય તે ક્યારેય સફળ થાતી નથી. કોઈ બાબત લૌકિક હોય કે અલૌકિક હોય નિયમ વિના તે સિદ્ધ-સફળ થાતી નથી. ડાહ્યા મનુષ્યે પોતાનો વ્યવહાર નિયમમાં રાખવો.

નિયમિત વ્યવહારવાળાનું સદ્‌ભાગ્ય સ્થિર રહે છે. ભાગ્યહીન માણસને નિયમ શોભાડતા નથી. ચક્રવર્તી રાજા જો ભાગ્યહીન હોય તો એક પળવારમાં દુઃખી થઈ શકે છે. ભવ, બ્રહ્મા અને ઈન્દ્ર પણ નિયમ રહિત હોય તો તેઓ દુઃખી થાય છે. તેમાં સામાન્ય માણસની તો વાત જ શી કહેવી ? તે અમે વિચારી જોયું છે.

➢ ભગવાનની આજ્ઞા લોપથી નાશ :-

ઇશ્વર સામૃથ જેહિ દેત હે, નિયમ બાંધિકે તેહ ।
નિયમમેં ચલે જાહિં લગહિ, તાકું ન બોલાવત એહ ॥
જિતનો કરે અપરાધ હિ, તિતનો કરત સહન ।
નિયમકું ઉલંઘત જબહિ, તરત તબ કરત હનન ॥

➢ પરમેશ્વરનું સુદર્શન ચક્ર :-

પરમેશ્વર જેને કાંઈ સામર્થ્ય આપે છે તેને કાંઈક નિયમ બાંધીને તે આપે છે. તે જ્યાં સુધી નિયમનું પાલન કરીને ચાલે છે ત્યાં સુધી તેને પરમેશ્વર કાંઈ પજવતા નથી. તે જેટલો અપરાધ કરે તેને પરમેશ્વર સહન કરે છે. પણ જ્યારે તે બાંધેલા નિયમનું ઉલ્લંઘન કરે છે ત્યારે તેઓ તરત જ તેનો વિનાશ કરે છે. મોટાની દૃષ્ટિ વિશાળ હોય છે. નાનાની નજર તુચ્છ હોય છે. જ્યારે તેની બુદ્ધિ તુચ્છ થઈ જાય છે ત્યારે માનો તે પોતે જ પોતાનું અહિત ઈચ્છતો જણાય છે. છતાં પરમેશ્વર તેનું ભૂંડું કરતા નથી. તે સો અપરાધ કરે ત્યાં સુધી શિશુપાલના અપરાધની રીતે ઘણી ધીરજ રાખે છે. તે સો કરતાં પણ વધારે અપરાધ કરવા લાગે છતાં તેનું હિત ચાહતા પરમેશ્વર તેને ન ગણે, ત્યારે તે અપરાધી વધારે વધારે આગળ ચાલે છે. ત્યારે પરમેશ્વરનું તે સુદર્શન ચક્ર તેના અપરાધોને સહન કરી શકતું નથી અને તે અપરાધીનો શિરચ્છેદ કરી નાખે છે. આ રીતે તે પાપી પોતાના પાપથી જ મરે છે.

ત્યારે શ્રીહરિએ કહ્યું, વિવેકી પુરુષે અજ્ઞાનીને માર્ગે ચાલવું નહિ. ભગવાનનું અવિનાશી સુખ છોડી દઈને શા માટે કુમાર્ગે ચાલવું ? જેટલાં શાસ્ત્ર છે તે બધાં આ લૌકિક ભોગ-વૈભવોને અસત્ય કહે છે. જેને શાસ્ત્રોમાં વિશ્વાસ છે એવા જ્ઞાની પુરુષ આ લોકના સર્વ ભોગોને અનિત્ય કહે છે અને તેથી તેઓ ક્યારેય તેમાં બંધાતા નથી. જેટલા જ્ઞાની પુરુષો છે તે બધા લૌકિક પંચવિષયના ભોગોને નીરસ-અસાર સમજે છે. જે મોટા મોટા જ્ઞાની જન છે તેઓ તો ભગવાનના સંબંધ વગરના માયિક સુખોને તો જમપુરીનાં ઘોર દુઃખ જેવા માને છે અને તેઓ ભગવાનનાં સ્વરૂપમાં ચિત્તને અખંડ જોડી રાખે છે. અને જે અજ્ઞાની (અલ્પજન) છે તે તો પંચ વિષયોમાં જ સુખ માનીને રાત દિવસ તેમાં ડૂબ્યા રહે છે. અરે ! ભગવાનને તુલ્ય બીજી કઈ ચીજ કહેવાય ? તેમને તુલ્ય તો કોઈ જ નથી.

માટે ભગવાનની આજ્ઞા પ્રમાણે રહી અક્ષરધામના અધિકારી થઈએ.

નવધા ભક્તિ

સાધુ અચલસ્વરૂપદાસ
ગુરુ :- પ.પૂ.સદ્.શ્રી પ્રભુચરણદાસજી સ્વામી



(૫) અર્ચન ભક્તિ :-

➢ બાહ્ય અર્ચન =

સદ્.શ્રી શતાનંદ સ્વામી શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાં લખે છે,

उपचारैर्यथालब्धैर्बहिः कृष्णस्य पूजनम् ।
यथाधिकारं वेदोक्तमन्त्राद्यैस्तद्द्वितीयकम् ।।

"દેશકાળને અનુસારે પ્રાપ્ત થયેલા ઉપચારોથી પોતાના અધિકાર અનુસાર વેદોક્ત મંત્રાદિકથી ભગવાનનું બહાર પૂજન કરવું તેને બાહ્યપૂજન કહ્યું છે." તેને પ્રત્યક્ષ પૂજન પણ કહેવામાં આવે છે.

ભગવાનના ભક્તે સૌપ્રથમ પ્રતિમારૂપ પરમાત્માને પવિત્ર જળથી સ્નાન કરાવવું. ત્યારબાદ વસ્ત્ર-અલંકારો ધરાવવા. ઋતુ અનુસાર કેસર, ચંદન, કુંકુમનું લેપન કરવું, પુષ્પોની માળાઓ, તોરા-ગજરા ધરાવવા, સુગંધીમાન ધૂપ-દીપ અર્પણ કરી નૈવેદ્ય અર્પણ કરી આરતી કરવી, દંડવત્, પ્રદક્ષિણા, સ્તુતિ પ્રાર્થના વગેરે કરવું. આવી રીતે પ્રતિદિન પૂજન કરવું. ભગવાનને પૂજવાની સામગ્રી શુદ્ધ અને બીજા દેવોને અર્પણ ન કરી હોય તેવી હોવી જોઈએ. તેમજ પૂજન કરનાર ભક્તપણ અતિ પવિત્ર હોવો જોઈએ. શ્રીજીમહારાજે વચનામૃત વરતાલના ૮માં

કહ્યું છે, "દેવને પૂજવાને તત્પર થાય તે દેવ સરખો પવિત્ર થઈને જો દેવની પૂજા કરે ત્યારે તેની પૂજા દેવ અંગીકાર કરે છે." 'નાહી-ધોઈને પવિત્ર થવું તે બાહ્ય શુદ્ધિ છે તેમજ સંકલ્પ - વિકલ્પથી રહિત થઈ બ્રહ્મરૂપ થવું તે આંતરીક શુદ્ધિ છે.' આવી ઉભયશુદ્ધિથી યુક્ત થઈને ભગવાનની પૂજા કરવી.

ભારતીય સંસ્કૃતિ એ 'શ્રદ્ધા' અને 'આસ્થા'થી ભરપૂર છે. આપણા હિંદુ ધર્મમાં મૂર્તિપૂજા એ ભક્તિનું એક મહત્વનું અંગ છે. દરેક સંપ્રદાયોમાં વિશિષ્ટ રીતે ભગવાનની પૂજા કરવામાં આવે છે. ભગવાનને પૂજવાની મૂર્તિ બે પ્રકારની છે. (૧) અચલ મૂર્તિ અને (૨) ચલ મૂર્તિ.

'મંદિરોમાં સ્થાપિત મૂર્તિ એ અચલ મૂર્તિ છે. જ્યારે ઠાકોરજી સ્વરૂપ પંચધાતુની મૂર્તિ જેને એક સ્થાનેથી અન્ય સ્થાને લઈ જઈ શકાય છે તેને ચલ મૂર્તિ કહેવાય છે.' વળી શાસ્ત્રોમાં અષ્ટપ્રકારની મૂર્તિ પણ કહી છે. તે સર્વેમાં ભગવાનનો સાક્ષાત્ નિવાસ છે. શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક ૬૨માં આપણને આજ્ઞા આપી છે કે, ***"आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम्"*** ધર્મવંશી આચાર્યએ જે સ્વરૂપ આપ્યુ હોય અથવા આચાર્ય દ્વારા પ્રતિષ્ઠિત મૂર્તિ હોય તે જ સેવવા યોગ્ય છે. તે વિના બીજી પ્રતિમા નમસ્કાર કરવા યોગ્ય છે. આમ, આચાર્યએ જે મૂર્તિની પ્રતિષ્ઠા કરી હોય તેની જ પૂજા કરવી.

જ્યારે વેદોક્ત વિધિ અનુસાર મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવે છે ત્યારે સાક્ષાત્ ભગવાનનું મૂર્તિમાં આગમન થાય છે. મૂર્તિ એ કેવળ મૂર્તિ જ નથી પણ સાક્ષાત્ ભગવાન

છે. ગઢપુરમાં જીવુબાની પ્રેમભક્તિને વશ થઈને ઠાકોરજી દુધનો કટોરો પી જાય, શામળાજી ખુશાલભટ્ટ સાથે રમવા આવે, ગોપીનાથજીમહારાજ મૂર્તિમાંથી પ્રગટ થઈને બ્રહ્માનંદસ્વામીને હાર પહેરાવે, દર પૂનમે રામપ્રતાપભાઈ અમદાવાદથી વડતાલ આવે ત્યારે હરિકૃષ્ણમહારાજ પ્રગટ થઈ ભાઈને ભેટે આવા તો અનંત અનંત પરચાઓ છે કે જેના દ્વારા સાબિત થાય છે કે મૂર્તિમાં ભગવાન સાક્ષાત્ વિરાજમાન છે. માટે પ્રગટભાવ રાખીને ભગવાનની સેવા કરવી.

''श्रीविष्णोरर्चनं ये तु प्रकुर्वन्ति नरा भुवि ।
ते यान्ति शाश्वतं विष्णोरानन्दं परमं पदम् ॥''

આવી રીતે જે ભગવાનની અર્ચા-પૂજા કરે છે તે ભગવાનના અવિનાશી આનંદસ્વરૂપ પરમપદને પ્રાપ્ત કરે છે. અને પૂજનમાં શ્રદ્ધા પણ આવશ્યક છે. કારણ કે ભગવાનતો ભાવના ભૂખ્યા છે. માટે શ્રદ્ધા અને પ્રેમથી જો ભગવાનની સેવા કરવામાં આવે તો તેને મહારાજ અંગીકાર કરે છે. ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે,

''पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥''

જો કોઈ ભક્ત અતિપ્રેમથી, શુદ્ધ હૃદયથી, નિષ્કામભાવથી પત્ર, ફળ, પુષ્પાદિક જે કાંઈ ભગવાનને અર્પણ કરે તો ભગવાન પ્રીતિ સહિત એ ભાવને સ્વીકારે છે.

તેમજ દરેક સત્સંગીએ શ્રીજી મહારાજની આજ્ઞા અનુસાર પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી પવિત્ર થઈને ભગવાનની નિત્ય પૂજા કરવી જોઈએ. જેનાથી પરમાત્માનો ખૂબ રાજીપો મળે છે તેમજ ભગવાનનું સામીપ્ય મળે છે. પ્રાતઃકાળે ભગવાનની આરાધના કરવાથી મન પણ પ્રફુલ્લીત થાય છે અને આખો દિવસ આનંદમાં વીતે છે.

માટે, જે અનંત કોટિ બ્રહ્માંડના આધાર છે, અક્ષરમુક્તો જેની આગળ હાથ જોડીને ઊભા છે, ભવ-બ્રહ્માદિક દેવને પણ જેના દર્શન દુર્લભ છે એવા ભગવાનની પૂજા કરવાનો અવસર મને મળ્યો છે આવો મહિમા રાખીને ભગવાનના આશ્રિતોએ નિત્ય ભગવાનની પૂજા કરવી જોઈએ.

બાળ કલરવ

સાધુ તીર્થસ્વરૂપદાસ
ગુરુ :- પ.પૂ.સદ્.શ્રી પ્રભુચરણદાસજી સ્વામી

વ્હાલા બાળમિત્રો ! આ પૃથ્વીના ગોળામાં સાત અબજ માનવી રહે છે. દરેક માનવી કોઈક ને કોઈક આશામાં જીવતા હોય છે. અને એમાંથી અમુક વિરલા એવા હોય છે કે જેનો લક્ષ્ય સ્પષ્ટ હોય અને એટલે જ એની નજર સતત તેના લક્ષ્ય સામે હોય છે. આ દુનિયામાં જે માનવી સફળ છે, તેની સફળતાનું પહેલું પગથિયું તો એની **'લક્ષ્યશુદ્ધિ'** જ હોય છે. તો ચાલો બાળમિત્રો, આ વાતને એક વાર્તાના માધ્યમે સમજીએ.

ઘણા વર્ષો પહેલા એક વીરસેન કરીને પ્રજાવત્સલ, ન્યાયી ને વીર રાજવી હતા. એમના રાજ્યમાં સહુ કોઈ સુખી હતા. ધનવાન હોય કે ગરીબ સૌને સરખો ન્યાય મળતો.

ન્યાયી હતા એટલું જ નહિ પણ ધર્મમાં શ્રદ્ધાવાળા પણ એટલા જ હતા. એટલે એમના રાજદરબારમાં વિદ્વાનો અને સાધુ-મહાત્માઓને તેઓ ખૂબ જ આદર આપતા અને એમનું સન્માન કરતા.

એક દિવસ રાજા વીરસેનનો દરબાર રાજ્યના પ્રધાનો, શાહુકારો, વિદ્વાનો, તેમજ સાધુ-મહાત્માઓથી ભરાયેલો હતો. તેમાં રાજા વીરસેને વિદ્વાનો પર નજર ફેરવતાં ફેરવતાં સહજતાથી પ્રશ્ન પૂછ્યો કે, 'જીવનનું લક્ષ્ય શું છે ? ખાવું, પીવું અને આખો દિવસ જે મળે તે કર્યા

કરવું, સૂઈ રહેવું, સવારે ઊઠીને પુનઃ એ જ ક્રિયા કરવી ને જીવન પૂરુ કરવું એ જ ને ?'

પ્રશ્ન સાંભળીને રાજપુરોહિતે રાજાને સારું લગાડવા કહ્યું, 'રાજન્ ! આપની વાત સાચી છે. આ સિવાય બીજું કરવાનું પણ શું હોય ? શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે, ઘણા પુણ્યો કર્યા પછી જીવને મનુષ્ય શરીર સાંપડે છે.'

સભામાં રાજપુરોહિત સૌથી પ્રખર પંડિત ગણાતા હતા. એમની વાતનું ખંડન કરવાનું સાહસ સભામાં આજ દિન સુધી કોઈ કરી શકયું ન હતું. કેમકે, રાજા પણ રાજપુરોહિતની વાતને બ્રહ્મવાકય માની સ્વીકારી લેતા.

પણ ત્યાંતો અચાનક જ સભાના એક છેટેથી સૌમ્ય છતા બુલંદ રણકતો સ્વર સભામાં ગૂંજી ઊઠયો, 'રાજપુરોહિતજી, આપની વાત અધૂરી છે.' આ વાત સાંભળીને સભામાં તો સોંપો પડી ગયો અને એકબીજા ઈશારાથી કહેવા લાગ્યા કે, 'આજ જરૂર કાંઈક નવાજૂની થવાની છે.'

જીવનમાં પહેલીવાર પોતાની વાતને અધુરી કહેનાર કોણ ફૂટી નીકળ્યો ! એ જોવા રાજપુરોહિતે એ દિશામાં જોયું તો જણાયું કે, એક મહાત્મા હાથમાં માળા લઈને શાંત ચિત્તે ભગવાનનું નામ જપ કરી રહ્યા હતા.

એક અજાણ્યા મહાત્મા આવીને પોતાની વાતને પડકારે એ વાત રાજપુરોહિતને પચે એમ હતી નહિ એટલે એણે તરત જ સામો પડકાર કર્યો કે, 'મારી વાત સદાય પૂર્ણ જ હોય ! મારી વાત ખોટી કહેનારા તમે કોણ છો ? મારી વાત અપૂર્ણ છે એ વાત સાબિત કરી બતાવો.'

રાજાને પણ હવે આ ધર્મચર્ચામાં ભળેલા વિવાદમાં રસ પડ્યો. તેમણે મહાત્માને આદરથી પૂછયું : 'મહાત્મન્ ! આપ જ કૃપા કરીને સમજાવો કે માનવી જીવનનું લક્ષ્ય શું છે ?' ત્યારે એ મહાત્મા એટલું જ બોલ્યા કે, 'રાજન્ ! કેટલીક વસ્તુ સમજાવી શકાતી નથી એ તો અનુભવ થકી જ સમજાય છે.'

સભાજનો તો વિસ્મયથી એ મહાત્મા સામે જોઈ જ રહ્યા. આ વાત સાંભળી પુરોહિત તો ઉત્સાહમાં આવી ગયા કે, રાજાને પણ આ સાધુ અનુભવ રહિત કહીને અપમાન કરીને કાઢી મૂકશે. એટલે આપણે તો ટાઢે પાણીએ ખસ નીકળી જશે.

આવું વિચારીને રાજપુરોહિતે વચ્ચે કશું નહિ બોલવાનું નક્કી કરીને જે થાય તે તમાશો જોયા કરવાનો નિર્ધાર કર્યો. પણ રાજપુરોહિતની બધી જ ધારણા ખોટી પડી. ન તો રાજા ક્રોધિત થયા કે ન તો એમણે મહાત્માને અપમાનિત કર્યા. રાજાને આ મહાત્માની વાતમાં શ્રદ્ધા બેઠી એટલે એમણે પૂછયું કે, 'પણ એવો અનુભવ કેવી રીતે મેળવી શકાય ?'

મહાત્માએ રાજાને એકાંતમાં મળીને ચર્ચા કરવાની ઈચ્છા વ્યકત કરી. સભા વિસર્જન પછી બધા ચાલ્યા ગયા. એટલે સાધુએ રાજાને વિગતવાર વાત કહી. સાધુની વાતથી રાજા સંમત થયા અને સાધુને આદરથી અતિથિગૃહમાં સાદર ઉતારો આપ્યો. અને એમના માટે સીધા-પાણી વગેરેની વ્યવસ્થા કરાવી.

થોડા દિવસ પછી સૌ સભાજનો એ દિવસની ચર્ચા પણ ભૂલી ગયા. ત્યાં એક દિવસ રાજાએ ભરી સભામાં ઘોષણા કરી કે, 'આ રાજપાટ હવે હું ત્યજી દેવા માંગું છું અને એ માટે મેં નિર્ણય પણ કરી લીધો છે.'

રાજપાટ છોડવાની ઓચિંતી ઘોષણા સાંભળી નગરજનો તો સ્તબ્ધ બની ગયા. 'રાજાને એવું તે શું દુ:ખ કે સંકટ છે કે આવો કઠોર નિર્ણય કરવો પડે !'

ત્યારે રાજાના પ્રધાને વિનમ્રભાવે કહ્યું કે, 'હે રાજન્ ! આપણા રાજ્યમાં સર્વત્ર સુખ, શાંતિ અને નિર્ભયતાનું વાતાવરણ છે. કોઈ શત્રુ પણ આપણા રાજ્ય ઉપર કુદૃષ્ટિ કરવાની હિંમત કરી શકતો નથી. આ બધું આપના પ્રતાપે જ છે. છતાય તમે કેમ આવો કઠોર નિર્ણય લ્યો છો એ સમજાતું નથી.'

પણ રાજાએ એનો ઉત્તર ટાળ્યો. વિવાદ ત્યાં અટકી ગયો ને રાજા પોતાના ઠરાવને દૃઢપણે વળગી રહ્યા અને એ જ દિવસે રાજાએ આખા નગરમાં ઢંઢેરો પિટાવ્યો : 'નક્કી કરેલ દિવસે, ચોક્કસ સમય દરમિયાન જે કોઈ મારી પાસે પહેલા આવશે તેને મારું રાજ્ય હું અર્પણ કરીશ.'

અને એ માટે રાજાએ ખાસ બંદોબસ્ત કર્યો. એક કિલોમીટર લાંબા માર્ગને એક છેડે પોતાનું સિંહાસન એક ખંડમાં મુકાવ્યું અને એ ભવનના દ્વાર ખુલ્લા મૂકવામાં આવ્યા.(ક્રમશ:)

શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ, સુરત આયોજીત

શિક્ષાપત્રી જયંતિ

વાંચન એવં પૂજન

તારીખ - ૨૨/૦૧/૨૦૧૮ - સોમવાર

સમય :- સવારે ૬:૪૫ કલાકે

-: પ્રેરક :-
પ.પૂ. સદ્.શ્રી પ્રભુચરણદાસજી સ્વામી

સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ, સુરત.

સત્સંગ ઇતિહાસજ્ઞાનની કસોટી

✡ શ્રી નીલકંઠવર્ણીનાં વનવિચરણને ક્રમમાં ગોઠવો. ✡

ગોપાલયોગી સાથે મેળાપ

હનુમાનજી દ્વારા રાક્ષસ સંહાર



નવલાખ યોગીઓને દર્શન

પિબેકનું માનભંગ



સેવકરામની સેવા

પુલ્હાશ્રમમાં તપશ્ચર્યા



સુખાનંદ સ્વામીનો મેળાપ

ઉત્તર અહિંયા લખો.

(૧)..... (૨).....

(૩)..... (૪).....

(૫)..... (૬).....

(૭).....

તા. ૭/૧/૨૦૧૮ના રોજ શ્રી સ્વા. મંદિર, વેડરોડ દ્વારા ચાલતી તમામ સભાઓનો 'ગુણાતીત પરિવાર વાર્ષિકોત્સવ' ઉજવાયો, તે અંતર્ગત બી.જે.પી.ના કતારગામ વિસ્તારના નવ નિયુક્ત ધારાસભ્ય શ્રી વિનોદભાઈ મોરડીયા (નિંગાળા)નું તેમજ સંસ્થા સાથે આત્મિયતાથી જોડાયેલા નવયુવાન પ.ભ.શ્રી હસમુખભાઈ પાટીને પૂ. ગુરુજીએ પોતાના વરદ્ હસ્તે સન્માન પત્ર અર્પણ કરીને સન્માનિત કર્યા હતા.

તા. ૩૧ ડીસેમ્બર ૨૦૧૭ના રોજ સહજાનંદિય યુવાસભાના સભ્ય પ.ભ.શ્રી અંકિતભાઈ ગઢડાએ પોતાની હળવી વાણીથી સંતો-ભક્તોને રાજી કર્યા.

Registered RNI No. GujGuj16837

શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ ખાતે અ.નિ.પ.પૂ. સદ્.શ્રી ધ્યાની સ્વામીની સ્મૃતિ પારાયણ પ્રસંગે અખંડ જપમાળા અને અખંડ ધ્યાનખંડનું ઉદ્‌ઘાટન તથા મહાપુજા એવં પ્રાતઃપૂજાનું પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની સાથે વિમોચન કરી આશિર્વચન આપતા પૂ. ગુરુજી.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ઘાંગધ્રામાં બિરાજમાન રૂપાળા શ્રી ઘનશ્યામ મહારાજના દ્વિતીય પાટોત્સવ પ્રસંગે સંપ્રદાયના મૂર્ધન્ય સંતો સાથે મહોત્સવનું ઉદ્‌ઘાટન એવં ઉત્સવના યજમાન પ.ભ.શ્રી અરજણભાઈ ઘોળકીયાના સમગ્ર પરિવારને તથા હરિભક્તોને રૂડા આશિષ આપતા પૂ. ગુરુજી.

શ્રી સ્વામિનારાયણ મંદિર, કલાકુંજ ખાતે 'દાસત્વ વર્ષ' પૂર્ણાહુતિ પ્રસંગે પૂ. ગુરુજી.

શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ,
સહજાનંદ ચોક, સુરત-૪.
ફોન નં. (૦૨૬૧) ૨૫૨૨૪૨૪
મો. ૯૬૦૧૨ ૮૧૭૦૪

Owner : Shree Swaminarayan Trust, **Publisher & Printer** : Swami Prabhucharandasji Guru Harijivandasji,
Printed at : Shreeji Printers, Shree Swaminarayan Mandir, Sahajanand chowk, Vedroad, Surat, Gujarat.
Published : Shree Swaminarayan Mandir, Ved Road, Shajanand Chok, Surat - 395004 Gujarat.